વર્ષ દરમ્યાન માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વાહનચાલકો તથા રાહદારીઓની આત્માની શાંતિ અર્થે ગાંધીનગર ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે સમી સાંજે ધ-૪ સર્કલ પાસે મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. **(તસવીર : વિપુલ ચૌહાણ)**

પોઈન્ટ બસ સેવા માટે પાંચ યુરો-થ્રી ડિઝલ બસ મુકાઈ

સીએનજી બસના કિલોમીટર પુરા થતાં પોઈન્ટની ૩૦ બસો બદલાઈ

ગાંધીનગર, તા. ૧૯

એસ.ટી.ની સલામત સવારી માર્ગ વચાળે બ્રેકડાઉન થતા હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે. કિલોમીટર પૂરા થઈ ગયા હોય તેવી સી.એન.જી. પોઈન્ટ બસો બદલીને નવી યુરો-૩ ડિઝલ બસ પોઈન્ટના રૂટ પર દોડાવાનુ શરૂ કરી દેવાયું છે. ગત શનિવારે જ નવી પાંચ બસ મુકવામાં આવી છે.

એસ.ટી. ડેપોની ઘણી ખરી બસોના કિલોમીટર પુરા થઈ ગયા હોવાથી સલામત સવારી માર્ગ વચાળે બ્રેક ડાઉન થતી હોવાની ફરિયાદો વધી છે. જ્યારે કર્મચારીઓ માટેની પોઈન્ટના રૂટની સી.એન.જી. બસોમાં પણ નિયત કિલોમીટર પુરા થઈ ગયા હોવાથી બ્રેકડાઉનની સમસ્યા શિરદર્દ સમાન બની હતી. અગાઉ ગ્રીન સીટીના કન્સેપ્ટને ધ્યાને લઈ પ્રદૂષણને નિયંતત્રણમાં રાખવા પોઈન્ટ રૂટની ૩૬ જેટલી બસોને સી.એન.જી. કરી દેવાઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ સી.એન.જી. બસ ૬.૫૦ લાખ કિ.મી.નું અંતર કાપ્યા બાદ સ્ક્રેપ કરવી અનિવાર્ય હોય છે. પોઈન્ટ રૂટની મોટાભાગની બસોના નિયત કિલોમીટર પુરા થઈ ગયા હોવાથી ડેપો દ્વારા તબક્કાવાર સી.એન.જી. બસોની જગ્યાએ નવી યુરો-૩ બસો મુકવામાં આવી રહી છે. પોઈન્ટરૂટની ૩૬ બસો પૈકી ૩૦ બસ બદલી દેવાઈ છે.

જ્યારે આ પૈકી નવી પાંચ બસ ગત શનિવારે જ પોઈન્ટ બસ સેવામાં શરૂ કરી દેવાઈ છે. આગામી દિવસોમાં અન્ય ૬ બસો પણ બદલાઈ જશે. એસ.ટી.ની યુરો-થ્રી ડિઝલ બસના લીધે પોલ્યુશનની સમસ્યા પણ હળવી થતી હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગરના કલાકારોએ મલયાલમ ભાષાની ફિલ્મમાં અભિનય આપ્યો

ગાંધીનગર, તા. ૧૯

નગરના કલાકારોએ તાજેતરમાં એક મલયાલમ ફિલ્મ માટે પોતાનો અભિનય આપ્યો છે.

'એન્ડલેસ સમર' નામની આ ફિલ્મમાં નગરના સિનીયર કલાકાર શર્માજી, હિના ઉપાધ્યાય ઉપરાંત કુ. રિયા નિમાવતે પોતાનો અભિનય આપ્યો હતો. ફિલ્મના પ્રોડક્શન અંગેની તમામ જવાબદારી ગાંધીનગરના જાણીતા સ્ક્રીપ્ટ રાઈટર દશરથ મેવાલે સંભાળી હતી.

'સરોગેટ મધર' વિષયને અનુલક્ષીને તૈયાર થઈ રહેલી આ ફિલ્મમાં મલયાલમ ફિલ્મોના જાણીતા અભિનેતા સલીમકુમાર અને ખ્યાત અભિનેત્રી સીમા બિશ્વાસ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યાં છે. આગામી વર્ષના આરંભે કેરાલાનાં થિયેટર્સમાં આ ફિલ્મ પ્રદર્શીત કરવામાં આવશે.

પ્રેમલગ્ન કરીને ભત્રીજીને ભગાડી જનાર પ્રેમીની ધોલાઈ

ચાર જણાએ શેરથા ટોલટેક્ષ પાસે લાકડી અને પાઈપ વડે યુવાનને ઢોર માર માર્યો : જાનથી મારી નાંખવાની ધમકી

ગાંધીનગર, તા. ૧૯

કલોલ-અડાલજ હાઈ-વે પર શેરથા ટોલટેક્ષ પાસે પોતાની ભત્રીજી સાથે પ્રેમલગ્ન કરી ભગાડી જનાર સાથે અંગત-અદાવત રાખી ચાર ઈસમોએ લાકડી પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવના સ્થળ પર ઝપાઝપી દરમ્યાન યુવાનના દાગીના તથા રૂપિયા ભરેલ પાકીટ પણ ગાયબ થઈ ગયું હતું. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ સ્ટેશને ગુનો નોંધાતા ચારેય ઈસમોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ શેરથા ટોલટેક્સ પાસે તા. ૧૭મી રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાની ભત્રીજી સાથે પ્રેમલગ્ન કરી ભગાડી જનાર દિલિપ રબારી સાથે અંગત અદાવત રાખી રત્ના મોહન રબારી રહે. વાવડી તા. જી. પાટણ, મોહન ચુડા રબારી ગોઝારીયા, મહેસાણા, બાબર ચુડા રબારી ગોઝારીયા મહેસાણા, ઈશ્વર ચુડા રબારી ગોઝારીયા મહેસાણાએ ભેગા મળી લાકડી, પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ સ્થળ પર ઝપાઝપી દરમ્યાન યુવાનની ચેઈન, લકી, મોબાઈલ, ઘડીયાળ સહિત રૂ. ૪,૫૦૦ ભરેલું પાકીટ પડી ગયું હતું. ઘાયલ યુવાનને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. અડાલજ પોલીસે દિલિપ રાયમલ રબારી (મકાન નં. ૬૫૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ, મહેસાણા)ની ફરિયાદ નોંધી ફરાર આરોપીઓને પકડવા પી.એસ.આઈ. આઈ.ડી. રાઠોડે વધુ તપાસ હાથ ધરી છે.

રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા રેકી-સામુહિક હીલીંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરના મંત્રી વિષ્ણુભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા થેલેસેમિયાના દર્દીઓ માટે રેકી-સામુહિક હીલીંગ કાર્યક્રમ તા. ૧લી અને ૨જી ડિસેમ્બર દરમિયાન યોજવામાં આવશે.

રેકી-સામુહિક હીલીંગ કાર્યક્રમમાં રોટરી કલબના સભ્યો તથા જે લોકો રેકી શીખવા ઉત્સુક હોય તેઓ સામુહિક હીલીંગ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. આ પ્રસંગે રેકી ગ્રાન્ડ માસ્ટર તથા રોટરી કલબ ઓફ કેપિટલના પ્રમુખ પી.એન. શર્મા બે દિવસ રેકીની જાણકારી આપશે. આ અંગેની વધુ વિગતો પ્રમુખ પી.એન. શર્મા મો.નં. ૯૭૧૪૯૨૨૯૯૬ અથવા મંત્રી વિષ્ણુભાઈ પટેલ મો.નં. ૯૪૨૭૩૦૫૮૬૫નો સંપર્ક સાધવાથી મળી શકશે.

આજે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

તક્ષશિલા કેળવણી મંડળ, સેકટર-૧૩, ગાંધીનગરના સ્થાપક તથા મેનેજીંગ ટ્રસ્ટી શિવકુમાર શિવશંકર દવેનો ૧૦મી નવેમ્બરના રોજ સ્વર્ગવાસ થતા સ્વર્ગસ્થના સ્મરણાર્થે આજે તા. ૨૦મી નવેમ્બર ૨૦૧૨ને મંગળવારના રોજ રાતના ૮ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠ કે.એસ. દવે, બ્લોક નં. ૮૮૫/૨, શ્રદ્ધાદીપ, શિવશકિત મંદિર પાસે, સેકટર-૭-સી, ગાંધીનગર ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે. સુંદરકાંડના આ ભકિતમય પાઠનું રસપાન કરવા સૌ સ્નેહીજનો તથા ભકતજનો ઉપસ્થિત રહેશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન ૨૧મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

નવા વર્ષની શુભ શરૂઆત સાથે ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજ ગાંધીનગરનો તા. ૨૧મી નવેમ્બર-૨૦૧૨ને બુધવારે ૧૦.૩૦ કલાકે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે. વિધાનસભા સચિવાલયમાં યોજાનાર સ્નેહમિલન કાર્યક્રમમાં વિધાનસભા સચિવાલયના પેન્શનર્સને સમયસર હાજર રહેવા પ્રમુખ વિનોદ દલાલ દ્વારા જણાવાયું છે.

જાયન્ટસ ગ્રુપ ઑફ ગાંધીનગર દ્વારા દેલવાડામાં ૫૧ બોટલ રક્ત એકત્ર

ગાંધીનગર, તા. ૧૯

જાયન્ટસ્ ગ્રુપ ઑફ ગાંધીનગર દ્વારા દેલવાડા ગામે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૫૧ બોટલ રક્તદાન પ્રાપ્ત થયું હતું.

અમદાવાદની એમ.પી. શાહ કેન્સર હૉસ્પિટલના ડૉકટર્સ, કર્મચારીઓ હાજર રહી લોહી એકઠું કરેલ હતું. રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે જાયન્ટ્સ ગ્રુપ ઑફ ગાંધીનગરના પ્રમુખશ્રી સાંકાભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી - ડાહ્યાભાઈ ટી. પટેલ, સ્વ. કેશવલાલ મુળચંદદાસ પટેલ પરિવારે ખુબ સુંદર આયોજન કરેલ હતું. રક્તદાતાઓને સુંદર કીટ આપવામાં આવેલ હતી. જગદીશભાઈ પટેલે રક્તદાન કેમ્પ વિષે સમજણ પુરી પાડી હતી.

સમસ્ત ખડાયતા સમાજના ઉપક્રમે શ્રી કોટિયર્ક પ્રભુનો ઓચ્છવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગરના મંત્રી બી.ડી. શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વર્ષ-૨૦૧૨નો શ્રી કોટિયર્ક પ્રભુનો ઓચ્છવ કારતક સુદ-૧૨ને રવિવારે તા. ૨૫મી નવેમ્બર-૨૦૧૨ના રોજ ઉજવવામાં આવશે.

શ્રી કોટિયર્ક પ્રભુના ઓચ્છવ સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, વિશ્વકર્મા મંદિરની સામે, ઉમિયા માતાજીના મંદિરની પાછળ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. કોટિયર્ક પ્રભુના ઓચ્છવના શુભ પ્રસંગે જ્ઞાતિજનોને પધારવા ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી કોટિયર્ક પ્રભુનો પૂજન-વિધિ બપોરે ૨ કલાકે શરૂ થશે તો નિયત સમયે સૌ સ્નેહીજનોએ ઉપસ્થિત રહેવું.

ગાંધીનગરથી વીરપુરની ૧૬મી પદયાત્રા ૨૨મીથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૯

લોહાણા યુવા સંગઠન દ્વારા ૧૬મી પદયાત્રા તા. ૨૨મી નવેમ્બરથી ૧લી ડિસેમ્બર સુધી ગાંધીનગરથી જલારામ વીરપુર સુધી યોજાશે. તેમ લોહાણા યુવા સંગઠનના પ્રમુખ વિનોદભાઈ તન્નાએ જણાવેલ છે. કુલ ૩૦૧ કિલોમીટરની પદયાત્રા યોજાશે. ૯ રાત્રી રોકાણ વિવિધ સ્થળે કરવામાં આવશે.

આજે પેથાપુરમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૯

માં અંબા મંડળ આયોજિત તા. ૨૦મી નવેમ્બરના રોજ કૈલાસબેન વસંતલાલ શર્મા, દરજી વાસ, પેથાપુરમાં બપોરે આનંદનો ગરબો યોજાશે.

"ગુજરાતી લોકો સારી રીતે પૈસા કમાઈ પણ જાણે છે અને ગણતરીથી પૈસા ખર્ચી પણ જાણે છે"

ગુજરાતી લોકો જ જિંદગીને ખરેખર જીવી જાણે છે : સીમા બિશ્વાસ

૬૦ નાટકો અને ૪૭ ફિલ્મોમાં અભિનય આપનાર પ્રતિભાશાળી અભિનેત્રી ગાંધીનગરના મહેમાન બન્યાં

ગાંધીનગર, તા. ૧૯

હિન્દી ફિલ્મ જગતનાં સુપ્રસિદ્ધ અભિનેત્રી અને શેખર કપૂર નિર્દેશિત બહુચર્ચિત ફિલ્મ 'બેન્ડીટ ક્વિન'માં ડાકુરાની ફૂલનની ભૂમિકા ભજવનાર પ્રતિભાશાળી અભિનેત્રી સીમા બિશ્વાસ ગાંધીનગરની પાંચ દિવસની મુલાકાત પછી પુનઃ મુંબઈ ભણી રવાના થયાં છે.

એક મલયાલમ ફિલ્મના શૂટીંગ માટે ગાંધીનગર આવેલાં સીમા બિશ્વાસે એક વિસ્તૃત મુલાકાતમાં પોતાના જીવન અંગેની ઘણી બધી વાતો ઉજાગર કરી હતી.

સામાન્ય દેખાવના પણ અસાધારણ અભિનય ક્ષમતા ધરાવતાં સીમાજી મૂળ બંગાળી પરિવારના સભ્ય પણ માતા મીરા અને પિતા જગદીશ બિશ્વાસ વર્ષોથી આસામમાં વસે. માતા-પિતાનું એ ત્રીજું સંતાન. બચપણથી જ શાંત અને શરમાળ પ્રકૃતિ ધરાવનાર સીમાજીનું ભણતર નલબાડી ગર્લ્સ હાઈસ્કૂલ અને કૉલેજમાં પૂર્ણ થયું. જાણવા જેવી વાત એ છે કે આ નિપુણ અભિનેત્રીના માતા-પિતા પહેલેથી જ થિયેટર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા ને બે બહેનો પણ થિયેટર ને રંગમંચ કલા ક્ષેત્રમાં પ્રવૃત્ત હતી, પરંતુ સીમાજીને પોતાને શરૂઆતમાં અભિનયમાં કોઈ ઋચિ ન હતી. ઘરના સભ્યો તરફથી તેમને અભિનય માટે કહેવામાં આવતું, પણ તેઓ સંમત ન થતાં. અલબત્ત, ૯ વર્ષની વયે આસામી નાટક માટે સ્ટેજ પર પદાર્પણ કર્યું તે પછી અભિનયમાં ને નાટકમાંય રસ વધવા માંડ્યો.

કૉલેજના ત્રીજા વર્ષમાં હતાં ત્યારે નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા દ્વારા કલકત્તા ખાતે ૩ મહિના અભિનયની તાલીમ તેમણે મેળવી અને આ દરમ્યાન અભિનયની બારીકાઈઓ શીખ્યાં. આ તાલીમથી એમના આત્મવિશ્વાસમાં ય વધારો થયો.

૧૯૮૪માં પ્રથમ વખત મલયાલમ ફિલ્મ દ્વારા ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ કર્યું ને પછીની યાત્રા સડસડાટ ચાલી. એ પછી અત્યાર સુધીમાં ૬૦ જેટલાં નાટકો અને ૪૭ જેટલી ફિલ્મોમાં તેમણે પોતાની અભિનય કલા દર્શાવી છે, જેમાં બંગાળી, તમિલ, હિન્દી, મરાઠી, મલાયલમ અને અંગ્રેજી ભાષાની કૃતિઓનો પણ સમાવેશ થાય છે. જાણવા જેવી વાત એ પણ છે કે પોતે આસામમાં ઉછર્યા હોવા છતાં ને આસામી સારી રીતે જાણતા હોવા છતાં હજુ સુધી એમણે આસામી

ભાષામાં એકપણ ફિલ્મ નથી કરી.

'બેન્ડીટ ક્વિન' ફિલ્મની પોતાની બહુચર્ચિત ભૂમિકા વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, 'મારા એક મિત્રએ મને મેસેજ આપ્યા હતા કે શેખર કપૂરને પોતાની એક ખાસ ભૂમિકાવાળી ફિલ્મ માટે નવા સ્ત્રી કલાકારની શોધ છે. મેં શરૂઆતમાં તો સંમતિ ન આપી, પણ આખરે ફોટોગ્રાફ મોકલાવ્યા, જે શેખર કપૂરને ગમ્યા. એ પછી મારી જાણ બહાર તેઓ મારા દ્વારા અભિનીત એક નાટક જોવા પણ આવ્યા. અને એમાં મારા અભિનયથી પ્રભાવિત થઈ એમણે મને ફૂલન દેવીના રોલ માટેની ઑફર કરી. અહીં પણ શરૂઆતમાં હું તૈયાર નહોતી, પણ પછી એમણે મને શાંતિપૂર્વક રોલ અને તેનું મહત્ત્વ સમજાવતાં હું તૈયાર થઈ. મધ્યપ્રદેશમાં ત્રણેક મહિનાના શિડ્યૂલમાં આ ફિલ્મ મેં પૂર્ણ કરી, જેણે મને ખૂબ નામના અપાવી છે.'

ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવનાર સીમાજી આમ તો શૂટીંગમાં સતત વ્યસ્ત રહે છે, પરંતુ તેમ છતાં જ્યારે પણ સમય મળે છે ત્યારે રસોઈમાં લાગી જાય છે, કૂકીંગ એમના રસનો વિષય છે. શૂટીંગ માટે સતત ફરતા રહેવાનું હોવાથી આધુનિક વસ્ત્રો ધારણ કરે છે, પરંતુ એમનો પસંદીદા પહેરવેશ તો સાડી જ છે. પરિવારમાં સૌ માંસાહાર કરતા હોવા છતાં સીમાજી પોતે શાકાહારી ભોજન પસંદ કરે છે. દાલ-ચાવલ અને બેંગન ભર્તા-મીઠાઈમાં બંગાળી ખીર અને કલાકન એમને ભાવતી વાનગીઓ છે.

ઓછાબોલા સીમાજીને પહાડોમાં ને કુદરતી સ્થળોએ ફરવું ખૂબ ગમે છે. ભારત દેશની કુદરત એમને પસંદ છે, તેમ છતાં ગ્રીસની મુલાકાત લેવાની એમને ઈચ્છા છે. ત્યાંની પૌરાણિક ગાથાઓ, સ્થાપત્ય, કલા અને રૂઆબને નજદીકથી જોવા-જાણવાની એમને ઘણી ઈચ્છા છે.

મહિલાઓ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રી ખરાબ જગ્યા છે એ વાત અંગે વિરોધ નોંધાવતાં સીમાજી જણાવે છે કે મહિલાઓએ અન્ય ક્ષેત્રોની જેમ જ આ ક્ષેત્રમાં પણ કેરિયર માટે જવું જોઈએ. એટલીસ્ટ મને તો આ ફિલ્ડને કારણે ઓળખ-માન ને સન્માન મળ્યું છે, ધન પણ મળ્યું છે ને મેં તો મારું જીવન અભિનયને સમર્પિત કર્યું છે.

પોતાનાં માતાને 'ગ્રાન્ડ મધર' ગણતાં સીમાજી અભિનેત્રી દીપા મહેતાને પોતાનો આદર્શ માને છે ને એમના દ્વારા પોતાને મળેલી સહાયને પણ કૃતજ્ઞતાથી યાદ કરે છે.

ગુજરાત સુંદર છે અને ગુજરાતી લોકો પ્રેમાળ તથા મદદરૂપ થનારા લોકો છે, એમ જણાવતાં સીમાજી જણાવે છે કે ગુજરાતી આ તેમની ત્રીજી મુલાકાત છે. પહેલી વાર એક નાટક માટે તેઓ ગુજરાતમાં આવ્યા હતા, એ પછી 'પતંગ' ફિલ્મના શૂટીંગ માટે ને હવે આ વખતે મલયાલમ ફિલ્મના શૂટીંગ માટે ગુજરાત આવ્યા. 'ગુજરાતી લોકો સારી રીતે પૈસા કમાઈ પણ જાણે છે અને ગણતરીથી પૈસા ખર્ચી પણ જાણે છે, ' એમ જણાવતાં સીમાજી ઉમેરે છે કે, 'ગુજરાતી લોકો જ જિંદગીને ખરેખર જીવી જાણે છે.'

તસવીર અને મુલાકાત : કશ્યપ નિમાવત

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩
સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જબ તક હૈ જાન : ૯.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧.૦૦, ૪.૧૫
: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૧૨.૦૦, ૬.૩૦
જબ તક હૈ જાન : ૩.૦૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૪૫
જબ તક હૈ જાન : ૨.૪૫, ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જબ તક હૈ જાન : ૮.૩૦, ૩.૦૦, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૧૫, ૬.૩૦
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૮.૩૦, ૧૧.૧૫, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૦૦, ૮.૩૦
: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૧૫, ૩.૩૦, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૭.૩૦, ૨.૩૦, ૯.૦૦
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૫.૩૦

સૂર્યા, વાવોલ

જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત ન ભુલાય સાયબાઃ ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૩૦, ૭.૩૫, ૧૦.૪૫

વિરાગ, કલોલ

જબ તક હૈ જાન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

વૃષભ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

મિથુન : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે.

સિંહ : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કન્યા : વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

તુલા : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

વૃશ્ચિક : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

કુંભ : વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

મીન : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

ચિરવિદાય

- સ્વ. સવિતાબેન દશરથભાઈ પટેલ (ઉ. વ. ૮૦) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પુરીબેન ઉદાજી ઠાકોર (ઉ. વ. ૭૫) મુ.પો. આમજા, જિ. ગાંધીનગર.
- સ્વ. સુરેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ઝાલા (ઉ. વ. ૧૯) પ્લોટ નં. ૧૮૯/૨, સે-૧બી, ગાંધીનગર